

ગાંધીનગરમાં જ્યાં મોટાભાગના યુવાનો વેલેન્ટાઈન ડે મનાવવામાં મશગુલ હતા ત્યારે નેહરુ યુવા કેન્દ્રના કેટલાક યુવા કાર્યકર્તાઓએ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ હતું. આ અભિયાન અંતર્ગત તેમણે સે. ૧૬માં આવેલ યુથ હોસ્ટેલ કેમ્પસને ચોખ્ખુચણાંક બનાવી દીધુ હતુ. (તસવીર : કશ્યપ નીમાવત)

# જિલ્લામાં વિકાસ કામો માટે ૧૬ કરોડ ફળવાયા

**૧૪મા નાણાં પંચમાં જિલ્લાને રૂ. ૫ કરોડ વિકાસ માટે વધુ ફળવાયા : ૧૩મા નાણાં પંચમાં ૧૧ કરોડ ફળવાયા હતા હવે ૧૬ કરોડ ફળવાયા : વિડીપી મંજૂર થતાં વિકાસકામો શરૂ થશે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાને ૧૪મા નાણાં પંચનો ચાલુ વર્ષનો બીજો હપ્તો પણ મળી ગયો છે અને ૧૩મા નાણાં પંચની તુલનામાં જિલ્લાને રૂ. પાંચ કરોડની વધુ ફાળવણી થવા પામી છે.

૧૩મા નાણાં પંચ દરમ્યાન જિલ્લાને રૂ. ૧૧ કરોડ મળ્યા હતા જ્યારે ૧૪મા નાણાં પંચમાં પ્રથમ વર્ષે જ રૂ. ૧૬ કરોડ ભારત સરકાર દ્વારા ફાળવી દેવામાં આવ્યા છે. બે હપ્તામાં આ રકમની ફાળવણી કરવામાં આવી છે.

જિલ્લાતંત્રએ પણ ૧૪મા નાણાં પંચની માર્ગદર્શક સૂચના મુજબ આ નાણાં ગ્રામપંચાયતોને સીધેસીધા ફાળવી દીધા છે. જો કે રાજ્ય સરકારે ૧૪મા નાણાં પંચના નાણાં ૧લી એપ્રિલ સુધી વાપરી શકાશે નહિ તે માટેનો પ્રતિબંધ ફરમાવેલ છે.

૧૪મા નાણાં પંચની ભલામણ અનુસાર દરેક ગામે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન બનાવી પ્રથમ વર્ષે, બીજા વર્ષે કયા કયા કામો હાથ ધરશે તે માટે પાંચ વર્ષનું આયોજન માંગ્યું છે.

તાજેતરમાં જિલ્લામાં યોજાયેલ ગ્રામસભા અભિયાનમાં આ વિલેજ ડેવલપમેન્ટ પ્લાન મંજૂર કરી અને તાલુકાકક્ષાએ મોકલી આપવામાં આવ્યા છે. હવે તાલુકામાંથી આ પ્લાન જિલ્લામાં મોકલવામાં આવશે તે માર્ચની મધ્યમાં વિકાસ કમિશ્નરને મોકલવામાં આવશે. આ પછી જેમ જેમ મંજૂરી મળશે તેમ તેમ જિલ્લામાં વિકાસના કામો હાથ ધરાશે.

મળતી વિગતો પ્રમાણે આ વિલેજ ડેવલપમેન્ટ પ્લાન ઓનલાઈન મુકી દેવામાં આવ્યા છે. આ મંજૂરી ઝડપથી મળતાં જ જિલ્લામાં ગ્રામ્યકક્ષાએ સીધા કામો શરૂ થશે. ટેન્ડરીંગનું કામ જે તે ગ્રાન્યકક્ષાએ જ હાથ ધરવામાં આવશે.

૧૪મા નાણાં પંચમાં પંચાયતોના પરફોર્મન્સને લઈ ૧૦ ટકા પરફોર્મન્સ ગ્રાન્ટ વિશેષ રીતે ચુકવવામાં આવશે તેવી જોગવાઈ કરાઈ હોવાથી પંચાયતો દ્વારા ઓડિટેડ હિસાબો સમયસર રજુ થશે તેમજ વિકાસ કામો માટે સ્પર્ધા જોવા મળશે તેમ તંત્રના અધિકારીઓનું માનવુ છે.

જિલ્લામાં ૨૭ ગામો જે સેમી અર્બન તરીકે અલગ તારવવામાં આવ્યા છે અને આ ગામોને હજુ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી તેથી અન્યાયની લાગણી પણ ગ્રામ્ય વિસ્તારમાં ઉભી થવા પામી છે. મળતી વિગતો પ્રમાણે આ માટે સરકાર પાસે માર્ગદર્શન માંગવામાં આવ્યુ છે પણ સરકારે હજુ કોઈ સ્પષ્ટતા કરી નથી અને અન્ય ગામોને મળેલી પુરેપુરી ગ્રાન્ટ ફાળવી દેવામાં આવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

અવિરત હેલ્મેટ ઝુંબેશ - રવિવારે પણ હેલ્મેટ ઝુંબેશ યથાવત રહી હતી... ઘણા વાહન ચાલકોના મનમાં એમ હતું કે, રવિવારે હેલ્મેટ વિના ચાલશે... રજાના દિવસે કોણ પકડશે... પરંતુ ખૂબ મોટી સંખ્યામાં વાહન ચાલકો ખોટા પડ્યા અને શહેરના પ્રવેશ દ્વારા પર ગોઠવાયેલ ટ્રાફીક પોલીસે દોઢ હજારથી વાહન ચાલકોને હેલ્મેટ વિના પકડ્યા હતા અને દંડ ફટકાર્યો હતો...

# ૧૩મા નાણાંપંચના ૨૫૦ કામો ૩૧ માર્ચ પહેલા પૂર્ણ કરવા ડી.ડી.ઓ.ની તાકીદ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં ૧૩મા નાણાં પંચની ગ્રાન્ટમાંથી કરવાના થતા ૨૫૦ જેટલા કામો આજે પણ અપૂર્ણ રહ્યા હોવાથી ૩૧મી માર્ચ સુધીમાં તે પૂર્ણ કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કડક તાકીદ કરી છે.

ગત સપ્તાહમાં તાલુકા વિકાસ અધિકારીઓ સાથે યોજાયેલ સમીક્ષા બેઠકમાં આ અંગેની તાકીદ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આચારસંહિતાના અમલને કારણે કામો પૂર્ણ કરવામાં વિલંબ થયો છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે તાલુકા, જિલ્લાકક્ષા ઉપરાંત ગ્રામ્યકક્ષાની શ્રેણીમાં આ કામો છે. જે પૈકી તાલુકા

● અનુસંધાન પાન-૭ પર

# બોર્ડના પરિક્ષાર્થીઓને નકારાત્મક વિચારો તેમજ હતાશામાંથી ઉગારવા તજજ્ઞો માર્ગદર્શન આપશે

**આગામી તા ૧૮ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ બાયસેગના માધ્યમથી પ્રસારણ થશે : જય વસાવડા તેમજ કૃષ્ણકાન્ત ઉનડકટ વકતવ્ય આપશે**

ગાંધીનગર તા ૧૪

આગામી માર્ચ મહીનામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આ પરિક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓએ આખા વર્ષની મહેનતનો નિચોડ રજુ કરવાનો હોવાથી પરિક્ષાર્થીઓ તણાવ તેમજ ટેન્શનનો પણ ભોગ બનતા હતાશામાં ગરકાવ થઈ જાય છે. વિદ્યાર્થીઓને હતાશામાંથી ઉગારવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા બાયસેગના માધ્યમથી તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરુ પાડવા તા ૧૮ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ કાર્યક્રમ યોજાશે. જય વસાવડા તેમજ કૃષ્ણકાન્ત

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડીનો પુનઃ ચમકારો : પારો ૯.૮ ડિગ્રી

ગાંધીનગર, તા.૧૪


શિયાળાની ઋતુના અંતિમ તબક્કામાં ઠંડીમાં વધઘટ થઈ રહી છે. ઉત્તર ભારતમાં થયેલી તાજી બરફવર્ષા બાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૯.૮ ડિ.સે. જેટલું નોધાયું છે.

શહેરીજનોને ગરમ વસ્ત્રોમાં પુનઃ લપેટાઈને ફરવું પડી રહ્યું છે. શિયાળાની ઋતુના અંતિમ તબક્કામાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૯.૮ ડિ.સે. જેટલું નોંધાતા રાત્રીના સમયે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે પણ ઠંડા પવનો ફુંકાતા ઘરના બારીબારણા બંધ રાખવાની ફરજ પડે છે. જો કે મહત્તમ તાપમાન ૨૯ ડિ.સે. જેટલું ઉંચુ રહેતા દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થાય છે. હજુ એકાદ બે દિવસ ઠંડીનો ચમકારો યથાવત રહેશે તેવી આગાહી વ્યકત કરવામાં આવી છે.

# પદ્મશ્રી ગુણવંત શાહને સાહિત્યરત્ન એવોર્ડથી ગાંધીનગરના સાહિત્ય આલમમાં આનંદ ફેલાયો

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના જાણીતા સર્જક-ચિંતક પદ્મશ્રી ડૉ. ગુણવંત સાહને સાહિત્ય અકાદમી દ્વારા



'સાહિત્યરત્ન' એવોર્ડથી નવાજવાના પગલે ગાંધીનગરના સાહિત્યસર્જકો તથા સાહિત્ય રસિકોમાં આનંદનું મોજુ ફરી વળ્યું છે. સાહિત્ય અકાદમીના લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ સમા સાહિત્ય રત્ન ખિતાબ સૌ પ્રથમ ડૉ. ગુણવંત શાહને આપવાનો ગાંધીનગરના સાહિત્ય સર્જકોએ અકાદમીના નિર્ણયને આવકાર્યો છે.

ડૉ. ગુણવંત શાહને ગાંધીનગર સાહિત્યસભા વતી પ્રમુખ ભરત કવિ, મંત્રી સંજય થોરાત અને મૂળજીભાઈ પરમારે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હજુ થોડાક જ દિવસ પૂર્વે ડૉ. ગુણવંત શાહનો ગ્રંથ મહાભારત : માનવ સ્વભાવનું મહાકાવ્ય પ્રગટ થયો છે. જેને વાચકો તરફથી અભૂતપૂર્વ આવકાર પ્રાપ્ત થયો છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને મહામંત્રી પ્રકાશ લાલાએ ડૉ. ગુણવંત શાહને શુભેચ્છાઓ પાઠવતા હર્ષના લાગણી વ્યક્ત કરી છે. આ સાથે તેમણે ડૉ. ગુણવંત શાહના ગાંધીનગર ખાતે યોજાયેલા વક્તવ્યો સહિતની યાદગાર ક્ષણોને વાગોળી હતી. તેમણે કહ્યું હતુ કે ગાંધીનગરનો ગુણવંત શાહ સાથેનો નાતો ઘણા સ્નેહાળ અને અવિસ્મરણીય રહ્યો છે.

**તડબૂચ - ઉનાળાનું પ્રિય ફળ**



(તસવીર : કશ્યપ નિમાવત)

# ચિલોડા સર્કલ વિસ્તાર અકસ્માત ઝોન બન્યો

**બસ સ્ટેન્ડના લીધે માર્ગ સલામતી જોખમાઇ : તોતિંગ સર્કલને અડીને આવેલા બસ સ્ટેન્ડના લીધે ટ્રાફિક જામ : ટ્રાફિક નિયમનના અભાવે રાહદારીઓ અકસ્માતનો ભોગ બને છે**

ગાંધીનગર તા ૧૪

ચિલોડા વિસ્તારમાં દિનપ્રિતિદિન ટ્રાફિકને લગતી સમસ્યાઓ વધતા માર્ગ સલામતીની સામે જોખમ ઉભુ થયુ છે. ચિલોડા વિસ્તારમાં તોતિંગ સર્કલ પાસે સ્થિત બસ સ્ટેન્ડના લીધે વારંવાર અકસ્માતો સર્જાય છે. આ વિસ્તારમાં રીક્ષા તેમજ શટલિયા વાહનો ઉપરાંત ખાનગી બસો નુ પણ સ્ટેન્ડ હોવાથી સર્કલ આસપાસના વિસ્તારમાં ગતિ મર્યાદાના અભાવ વચ્ચે બેફામ જતા વાહનો રાહદારીઓને અડફેટે લેતા હોવાના પણ અનેક કીસ્સા બને છે. આ વિસ્તારમાંથી બસ સ્ટેન્ડ દુર ખસેડવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાં ગત મહીના દરમિયાન જ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જયારે આ દરમિયાન વાહનોમાં ગતિ નિયંત્રણ સહીત ટ્રાફિક નિયમનના અમલીકરણ માટે પણ આમ નાગરિકોને જાગૃત કરવા માટે પ્રયાસો કરાયા હતા. જયારે હાલમાં પણ વાહનચાલકોની સલામતીને ધ્યાને લઈ પોલીસ તંત્ર દ્વારા હેલ્મેટ ફરજિયાતના અભિગમને ધ્યાને રાખી દંડ



વસુલીની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. માર્ગ અકસ્માતના લીધે થતા મૃત્યુ આંકને ધ્યાને લઈ વાહનચાલકોની સલામતી માટે પોલીસ તંત્ર દ્વારા ઉમદા અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જયારે હેલ્મેટ ઉપરાંત માર્ગ સલામતીને જોખમમાં મુકતા અન્ય પરિબળોને ડામવા માટે પણ પગલા લેવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ચિલોડા વિસ્તારમાં માર્ગ વચાળે સ્થિત તોતિંગ સર્કલનો વિસ્તાર જ અકસ્માત ઝોનમાં ફેરવાયો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. તોતિંગ સર્કલ પાસે સ્થિત બસ સ્ટેન્ડના લીધે દિવસે તેમજ રાત્રિના સમયે સતત વાહનોની અવરજવર રહે છે.

હીંમતનગર નરોડા ગાંધીનગર તેમજ દહેગામ સહીતના વિસ્તાર સાથે જોડાયેલા આ જંકશન પર ટ્રાફિક જામના લીધે અનેકવાર અકસ્માતો સર્જાય છે.નરોડા તેમજ ગાંધીનગર તરફથી આવતા વાહનો સર્કલ વિસ્તારમાં ગતિ મર્યાદા જાળવતા નથી. જયારે બીજીતરફ ટ્રાફિકની દ્રષ્ટીએ શિરદર્દ બનેલા આ ઠેકાણે માર્ગ ઓળંગતા રાહદારીઓ તેમજ અન્ય વાહનચાલકો પણ અકસ્માતનો ભોગ બને છે. ખાનગી ટ્રાવેલ્સ એજન્સીની બસો તેમજ ટ્રક સહીતના મોટા વાહનોની વિશેષ અવરજવરના લીધે દ્રી ચક્રી વાહનો માટે પણ મોટુ જોખમ ઉભુ થયુ છે. આ સ્થિતિ વચ્ચે અકસ્માતોની સંખ્યા પણ વધતી જાય છે. આ વિસ્તારમાં માર્ગ સલામતીને ધ્યાને લઈ તંત્ર દ્વારા બસ સ્ટેન્ડને સર્કલથી દુર ખસેડવા માટેની માંગ પણ પ્રબળ બની છે.

**જગ્યા ભાડે આપવાની છે**

સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર

(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ

(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ

(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ

તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦

**સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮**

**જગ્યા ભાડે આપવાની છે**

શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ

પંપની લાઈનમાં, પેથાપુર

ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન

માપ : કારપેટ - ૫૫૦ ફૂટ

**સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮**

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

**હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...**

અર્ચી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**હોટલ પથિકાશ્રમ**

**પાર્ટી પ્લોટ**

લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ

• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ

• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)

98258 01780/82

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com